# માતા મરૂદેવીના નંદ

(રાગ: નાગર નંદજી ના લાલ)

માતા મરૂદેવીના નંદ (૨)

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

કરુણાનાગર, કરુણાસાગર, કાયા કંચનવાન (૨)

ધોરી લંછન પાઉલે કાંઈ (૨)

ધનુષ્ય પાંચસે મા ...ન, એ જી ધનુષ્ય પાંચસે મા ...ન

માતા મરૂદેવીના નંદ (૨)

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સૂણે પર્ષદા બાર (૨)

જોજનગામની વાણી મીઠી (૨)

વરસંતી જલધા ...ર, એ જી વરસંતી જલધા ...ર

માતા મરૂદેવીના નંદ (૨),

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

ઉર્વશી રૂડી અપ્સરા ને, રામા છે મન રંગ (૨)

પાયે નુપુર રણઝણે કાંઈ (૨)

કરતી નાટારંભ, એ જી કરતી નાટારંભ

માતા મરૂદેવીના નંદ (૨),

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

તું હી બ્રહ્મા, તું હી વિધાતા, તું જગ તારણહાર (૨)

તુજ સરીખો નહીં દેવ જગતમાં (૨)

અરવડિયા આધા ...૨, એ જી અરવડિયા આધા ...૨

માતા મરૂદેવીના નંદ (૨),

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

તું હી ભ્રાતા, તું હી ત્રાતા, તું હી જગતનો દેવ (૨)

સુરનર, કિન્નર, વાસુદેવા (૨)

કરતા તુજ પદ સે ...વ એ જી કરતા તુજ પદ સે ...વ

માતા મરૂદેવીના નંદ (૨),

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

શ્રી સિદ્ધાચળ તીરથકેરો , રાજા ઋષભ જીણંદ (૨)

કીર્તિ કરે માણેક મુનિ તાહરી (૨)

ટાળો ભવભયફં ...દ એ જી ટાળો ભવભયફં ...દ

માતા મરૂદેવીના નંદ (૨),

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

માતા મરૂદેવીના નંદ (૨),

દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી

February 26, 2016 - https://www.youtube.com/watch?v=m9qNb3PQes8